# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

### ચોથું સત્ર

## ગુરુવાર, ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪

----

**જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓઃ** [ક્લાઈમેટ ચેન્જ - આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ - ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ - કાયદો - વૈધાનિક અને સંસદીય બાબતો - વન અને પર્યાવરણ - ન્યાયતંત્ર - પ્રવાસન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ].

**કુલ પ્રશ્નો 66**

----

### જામનગર મેડીકલ કોલેજ ખાતે નવી યુ.જી. હોસ્ટેલ

15/4/2135 *1 **શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા (જામનગર (ઉત્તર)):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જામનગર એમ. પી. શાહ મેડીકલ કોલેજ ખાતે નવી યુ.જી. હોસ્ટેલના બાંધકામનું આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બાંધકામ કયા તબક્કે છે?

----

### રાજ્યમાં આયુર્વેદ અને હોમોયોપેથીની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોને મંજૂરી

15/4/2601 *2 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં આયુર્વેદ અને હોમિયોપેથી

અભ્યાસક્રમની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોને મંજૂરી આપવા માટે કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી કોલેજોને મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ સરકારને મળેલ અરજીઓ પૈકી કઈ કોલેજોને મંજૂરી આપવાની બાકી છે?

----

## સાબરકાંઠા જિલ્લામાં કેમ્પા યોજના

15/4/2144 *3 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેમ્પા યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં વનીકરણની કામગીરી કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## મેડીકલ કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતકની જગ્યાઓ

15/4/2598 *4 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી મેડીકલ કોલેજો ક્યારથી કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી અને ખાનગી મેડીકલ કોલેજોને મંજૂરી આપવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ સરકારી અને ખાનગી મેડીકલ કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ કેટલી બેઠકો છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ સરકારી અને ખાનગી મેડીકલ કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની ફી કેટલી મંજૂર કરવામાં આવેલ છે?

----

## રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજોનું સંવર્ગવાર મંજૂર મહેકમ

15/4/2589 *5 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી ઈજનેરી કોલેજો આવેલી છે,

(૨) ઉક્ત કોલેજવાર સંવર્ગવાર મંજૂર મહેકમ પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## અભિલેખાગાર દ્વારા પી.જી. ડીપ્લોમા ઈન આર્કાઈવ્ઝ માટે એમ.ઓ.યુ.

15/4/2164 *6 **શ્રી સંદીપ દેસાઈ (ચોર્યાસી):**

**સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :-**

માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત રાજ્ય અભિલેખાગાર દ્વારા કોઈ સંસ્થા સાથે પી.જી. ડીપ્લોમા ઈન આર્કાઈવ્ઝ માટે એમ.ઓ.યુ. થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, આ એમ.ઓ.યુ. અંતર્ગત કેટલા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૩) આ અંગેની ટ્રેનીંગમાં કેટલું સ્ટાઈપન્ડ આપવામાં આવશે?

----

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ન્યારા એનર્જી લીમીટેડ કંપની દ્વારા થતા પ્રદૂષણની ફરિયાદો

15/4/2456 *7 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ ન્યારા એનર્જી લીમીટેડ કંપની દ્વારા હવા, પાણીનું પ્રદુષણ અને વેસ્ટનો નિકાલ યોગ્ય રીતે કરવામાં આવતો ન હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) મળેલ ફરિયાદ અન્વયે ક્યારે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કંપની સામે શાં પગલા લેવામાં આવ્યા?

----

## માન. મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત સહાય

15/4/2160 *8 **શ્રી રમેશભાઈ વીરજીભાઈ ટીલાળા (રાજકોટ દક્ષિણ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૩-૨૪માં માન. મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ટેકનિકલના અભ્યાસક્રમના કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે?

----

## સરકારી ડેન્ટલ કોલેજોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

15/4/2595 *9 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી ડેન્ટલ કોલેજોમાં સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ સીધી ભરતી, કરાર આધારીત અને ફિક્સ પગારથી ભરાયેલ છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## છોટાઉદેપુર જિલ્લામાં આરોગ્ય વિભાગના આઉટસોર્સીંગ કર્મચારીઓ

15/4/2406 *10 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં આરોગ્ય વિભાગના તાબા હેઠળના આરોગ્ય કેન્દ્રો / હોસ્પિટલ અને કચેરીઓમાં વર્ગ – ૩ના કેટલા કર્મચારીઓ આઉટસોર્સીંગથી કામ કરે છે,

(૨) ઉક્ત જિલ્લામાં આઉટસોર્સિંગથી કર્મચારીઓ પૂરી પાડવાની કામગીરી કઈ એજન્સીઓને

સોપવામાં આવેલી છે, અને

(૩) ઉક્ત એજન્સીને કર્મચારી દીઠ કેટલી માસિક રકમ ચૂક્વવામાં આવે છે ?

----

## સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે નોંધાયેલ અંગદાતા

15/4/2142 *11 **શ્રી દિનેશસિંહ રાજેન્દ્રસિંહ કુશવાહ (બાપુનગર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા અંગદાતા નોંધાયા,

(૨) ઉક્ત દાતાઓમાંથી કેટલા અને કયા કયા અંગો દાનમાં મળેલ છે, અને

(૩) ઓર્ગન ડોનેશન પ્રવૃત્તિને વેગ મળે તે માટે સરકાર દ્વારા શા પગલાઓ ભરવામાં આવે છે?

----

## અમરેલી જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોના નવા મકાનો

15/4/2330 *12 **શ્રી મહેશ કસવાલા (સાવરકુંડલા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કુલ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો જૂના અને જર્જરિત છે,

(૨) ઉક્ત આરોગ્ય કેન્દ્રો નવા બનાવવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૩) જો હા, તો કયા સુધીમાં ઉક્ત આરોગ્ય કેન્દ્રોના નવીનીકરણનું કામ પૂર્ણ કરવામાં આવશે?

----

## ખોરાક અને ઔષધના નમૂનાઓની ચકાસણી માટે પ્રયોગશાળા

15/4/2139 *13 **શ્રી અમુલ ભટ્ટ (મણીનગર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખોરાક અને ઔષધના નમૂનાઓની ચકાસણી કરવા

માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હેઠળ રાજ્યમાં કેટલી પ્રયોગશાળા આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં આવી પ્રયોગશાળાના નવા બાંધકામ અંગે છેલ્લા એક વર્ષમાં કોઈ કામગીરી કરેલ છે કે કેમ,

(૩) જો હા, તો તેના માટે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કેટલી જોગવાઈ કરવામાં આવેલ છે, અને

(૪) આ બાંધકામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે?

----

## રાજ્યમાં વ્હેલ શાર્કને બચાવવા માટેની યોજના

15/4/2154 *14 **શ્રી દિવ્યેશભાઈ રણછોડભાઈ અકબરી (જામનગર (દક્ષિણ)):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગુજરાતના દરિયા કિનારે મળતી વ્હેલ શાર્કને બચાવવા રાજ્ય સરકારે કોઈ યોજના અમલમાં મૂકેલ છે,

(૨) જો હા, તો સદર યોજનાની વિગતો શી છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વ્હેલ શાર્ક સંરક્ષણ યોજના અંતર્ગત કેટલી વ્હેલ શાર્ક બચાવવામાં આવી, અને

(૪) ઉક્ત પૈકી કેટલું વળતર ચૂકવેલ છે?

----

## એજ્યુકેશન લોન પર વ્યાજ સહાય

15/4/2159 *15 **શ્રી જીતેન્દ્રકુમાર રમણલાલ પટેલ (નારણપુરા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) વર્ષ ૨૦૨૨-૨૩માં એજ્યુકેશન લોન પર વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા વિદ્યાર્થીઓને વ્યાજ માફીનો લાભ મળેલ છે, અને

(૨) ઉક્ત સમયગાળા દરમ્યાન કેટલી રકમની વ્યાજ માફીનો લાભ આપવામાં આવેલ છે?

----

## ફાર્મા કંપનીઓ દ્વારા ગેરકાયદેસર રીતે નશાયુક્ત ડ્રગ્સ કે દવાની બનાવટ અને વેચાણ

15/4/2582 *16 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં આવેલ ફાર્મા કંપનીઓ ગેરકાયદેસર રીતે નશાયુક્ત ડ્રગ્સ કે દવાની ગેરકાયદેસર બનાવટ અને વેચાણ કરે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત વર્ષવાર કઈ કંપની કેવા પ્રકારનું ગેરકાયદેસર ડ્રગ્સ અને નશાયુક્ત દવા બનાવતી હોવાનું સામે આવ્યું,

(૩) તે અન્વયે કઈ કંપની સામે શા પગલાં લીધા, અને

(૪) ઉક્ત સ્થિતિએ ફાર્મા કંપનીઓમાં ગેરકાયદેસર ડ્રગ્સ અને દવાનું ઉત્પાદન ન થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા?

----

## સ્પાઈન ઈન્સ્ટિટ્યુટ અને ફિઝીયોથેરાપી કોલેજ, અમદાવાદનું સંવર્ગવાર મહેકમ

15/4/2568 *17 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સ્પાઈન ઈન્સ્ટિટ્યુટ અને ફિઝીયોથેરાપી કોલેજ, અમદાવાદનું વર્ગ-૧ અને વર્ગ-૨નું મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત વર્ગ-૧ અને વર્ગ-૨ની મંજૂર થયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૩) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને

(૪) ઉક્ત જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## સરકારી ઈજનેરી અને પોલીટેકનિક સંસ્થાઓના અભ્યાસક્રમોને મળેલ NBA એક્રેડીટેશન

15/4/2161 *18 **શ્રી ઉદય કાનગડ (રાજકોટ પૂર્વ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સરકારી ઈજનેરી અને પોલીટેકનિક સંસ્થાઓના કેટલા અભ્યાસક્રમોને NBA એક્રેડીટેશન મળેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા ઈજનેરી અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા,

અને

(૩) તે વિદ્યાર્થીઓને કઈ રીતે ફાયદાકારક છે?

----

## સુરત અને અમરેલી જિલ્લામાં નકલી ઘી બનાવતી ફેક્ટરીઓ

15/4/2579 *19 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને અમરેલી જિલ્લામાંથી જિલ્લાવાર નકલી ઘી બનાવતી કેટલી ફેક્ટરીઓ પકડવામાં આવી,

(૨) ઉક્ત કઈ ફેક્ટરીમાંથી કયા પદાર્થોમાંથી કેટલું નકલી ઘી બનાવ્યાનું સામે આવ્યું,

(૩) નકલી ઘીનું વેચાણ અને ઉત્પાદન કરતાં ઉક્ત કયા એકમના કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ નકલી ઘીનું ઉત્પાદન અને વેચાણ અટકે તે માટે શા પગલાં લેવામાં આવ્યા?

----

## સિંહ અને દિપડા દ્વારા માનવ ઘર્ષણ તથા પશુ મારણ અટકાવવા સરકાર દ્વારા લીધેલ પગલા

15/4/2147 *20 **શ્રી હિરાભાઈ ઓધવજીભાઈ સોલંકી (રાજુલા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સિંહ અને દિપડા દ્વારા માનવ ઘર્ષણ તથા પશુ મારણ અટકાવવા સરકાર દ્વારા કોઈ પગલાં લેવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો શું પગલાં લેવામાં આવે છે?

----

## રાજ્યમાં પશુ મારણના નોંધાયેલ કિસ્સા

15/4/2148 *21 **શ્રી જયસુખભાઈ વલ્લભભાઈ કાકડિયા (ધારી):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન સિંહ અને દીપડા દ્વારા પશુ મારણના કેટલા કિસ્સા નોંધાયેલ છે, અને

(૨) ઉક્ત પૈકી કેટલું વળતર ચૂકવવામાં આવ્યું?

----

**યુ.કે.ની બ્રિટિશ કાઉન્સિલ અને ગુજરાત સરકારના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ વિભાગ વચ્ચે એમ.ઓ.યુ.**

15/4/2571 *22 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૨૪ના ભાગરૂપે યુ.કે.ની શૈક્ષણિક સંસ્થા બ્રિટિશ કાઉન્સિલ અને ગુજરાત સરકારના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ વિભાગ દ્વારા શૈક્ષણિક અને સાંસ્કૃતિક વિનિમયને મજબૂત કરવા માટે એમ.ઓ.યુ. કરવામાં આવેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી રકમના એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે,

(૩) ઉક્ત એમ.ઓ.યુ. અન્વયે ઉક્ત સ્થિતિએ કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૪) ઉક્ત કરવામાં આવેલ એમ.ઓ.યુ.થી કેટલી રોજગારી ઉભી થવાનો અંદાજ છે?

----

**રાજ્યમાં સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ**

15/4/2140 *23 **શ્રી બાબુસિંહ સારાભાઈ જાદવ (વટવા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સાર્વત્રિક રસીકરણ દ્વારા કઈ કઈ રસીઓ આપવામાં આવે છે,

(૨) સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ દ્વારા કયા કયા રોગો સામે રક્ષણ આપવામાં આવે છે, અને

(૩) રસીઓની ગુણવત્તા જળવાય એ માટે સરકાર દ્વારા કયા પગલાં ભરવામાં આવે છે?

----

**ભુજ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

15/4/2153 *24 **શ્રી કેશુભાઈ શીવદાસ પટેલ (ભૂજ):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ભુજ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

**વડનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

15/4/2149 *25 **શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ) (ઉંઝા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના વડનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે?

----

**અમદાવાદ શહેર અને જિલ્લામાં તબીબોની ડીગ્રી ચકાસણી**

15/4/2394 *26 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં તબીબોની ડીગ્રીની ચકાસણી ક્યારે કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ચકાસણી દરમ્યાન વર્ષવાર કેટલા નકલી ડીગ્રી ધરાવતા ડોક્ટરો મળી આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત નકલી ડીગ્રી ધરાવતા ડોક્ટરો સામે શાં પગલા લેવામાં આવ્યા?

----

**વડોદરા શહેરમાં આયુષ્યમાન કાર્ડ**

15/4/2460 *27 **શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા (સયાજીગંજ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વડોદરા શહેરમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત કુલ કેટલા આયુષ્યમાન કાર્ડ કાઢવામાં આવ્યા છે, અને

(૨) બાકી રહેલ લાભાર્થીઓ માટે નવા આયુષ્માન કાર્ડ કાઢવા સરકારે શું વ્યવસ્થા કરેલ છે?

----

## રાજ્યની મેડીકલ કોલેજોમાં અનુસ્નાતકની બેઠકો

15/4/2141 *28 **શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ (ગાંધીનગર (ઉત્તર)):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં મેડીકલ કોલેજોમાં કેટલી અનુસ્નાતકની બેઠકો છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસ્નાતકની કેટલી બેઠકોમાં વધારો થયો છે?

----

## ભાવનગર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

15/4/2151 *29 **શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા (ભાવનગર (પૂર્વ)):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ભાવનગર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## આંતરરાષ્ટ્રીય સીમા વિસ્તાર ક્ષેત્રોમાં પ્રવાસન ક્ષેત્રે વિકાસ

15/4/2166 *30 **શ્રી અનિરૂધ્ધ ભાઈલાલ દવે (માંડવી):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં આંતરરાષ્ટ્રીય સીમા વિસ્તાર ક્ષેત્રોમાં પ્રવાસનના વિકાસ માટે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે?

----

## ગીર વિસ્તારમાં ખુલ્લા કૂવાઓને પેરાપેટ વોલથી સુરક્ષિત કરવા બાબત

15/4/2146 *31 **ડૉ. પ્રદ્યુમન ગનુભાઈ વાજા (કોડીનાર):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર વિસ્તારમાં કેટલા ખુલ્લા કૂવાઓને પેરાપેટ વોલથી સુરક્ષિત કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત પેટે કેટલો ખર્ચ થયેલ છે?

----

## ભાટ્રોડ ખાતે મંજૂર થયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર

15/4/2283 *32 **શ્રી શિવાભાઈ જેરામભાઈ ગોહિલ (મહુવા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૧૫-૦૧-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ મહુવા તાલુકાના ભાટ્રોડ ખાતે મંજૂર થયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું બાંધકામ કયા તબક્કે છે, અને

(૩) ભાટ્રોડ ખાતે ઉક્ત મંજૂર થયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે?

----

## રાજ્યમાં એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં ફીનું ધોરણ

15/4/2604 *33 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં એમ.બી.બી.એસ.ની સરકારી, ખાનગી અને ગુજરાત મેડીકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત કોલેજોમાં ફીનું ધોરણ શું છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વર્ષવાર, સરકારી, ખાનગી અને ગુજરાત મેડીકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત કોલેજોમાં ફીમાં કેટલો વધારો/ઘટાડો કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત ફીના ધોરણોમાં વધારો/ઘટાડો કરવાના કારણો શા છે?

----

## રાજ્યમાં એમ.બી.એ. અને એમ.સી.એ. કોલેજોમાં બેઠકો

15/4/2585 *34 **શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં એમ.બી.એ. અને એમ.સી.એ. અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કુલ કેટલી બેઠકો છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર ઉક્ત કોલેજોમાં એમ.બી.એ. અને એમ.સી.એ.ની કુલ કેટલી બેઠકો ભરાયેલ અને કેટલી બેઠકો ખાલી રહી છે, અને

(૩) ઉક્ત બેઠકો ખાલી રહેવાના મુખ્ય કારણો શા છે?

----

## રાજ્યમાં સરકારી/ખાનગી નર્સિંગ સ્કૂલ/કોલેજો

15/4/2565 *35 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નર્સિંગ સેવા સઘન બનાવવા માટે નર્સિંગ સ્કૂલ/કોલેજોને મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત વર્ષવાર કેટલી નર્સિંગ સ્કૂલ/કોલેજોને મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત મંજૂરી આપવામાં આવેલ સ્કૂલ/કોલેજો વર્ષવાર કેટલી સરકારી અને ખાનગી સ્કૂલ/કોલેજોનો સમાવેશ થાય છે?

----

## દિપડાના હુમલામાં મૃતકને સહાય

15/4/2482 *36 **શ્રી ભગાભાઇ ધાનાભાઇ બારડ (તાલાલા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) સુત્રાપાડા તાલુકાના મટાણા ગામે ઓગસ્ટ-૨૦૨૩માં દિપડાના હુમલામાં એક વૃધ્ધાનું મોત થયું છે તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત હુમલાથી થયેલ મોત બાબતે સરકાર દ્વારા કોઈ સહાય ચૂકવવામાં આવી છે,

(૩) જો હા, તો કેટલી સહાય ચૂકવાયેલ છે અને કેટલી ચૂકવવાની બાકી છે, અને

(૪) ઉક્ત બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

----

**ખાદ્યચીજોના ઓનલાઈન લાયસન્સ**

15/4/2138 *37 **શ્રી રમેશભાઈ નારણદાસ મિસ્ત્રી (ભરૂચ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખાદ્યચીજોના ઓનલાઈન લાયસન્સ/રજિસ્ટ્રેશન આપવામાં આવે છે તે હકીકત સાચી છે કે કેમ,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાયસન્સ/રજિસ્ટ્રેશન મંજૂર કરવામાં આવ્યા?

----

**વર્લ્ડ બેંક તરફથી આરોગ્ય માટે મળેલ રકમ**

15/4/2577 *38 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વર્લ્ડ બેંક તરફથી આરોગ્ય માટે કેટલી રકમ મળી,

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કયા હેતુ માટે કેટલી રકમ વાપરવામાં આવી અને કેટલી રકમ વણવપરાયેલી રહી, અને

(૩) ઉક્ત રકમ વણવપરાયેલી રહેવાના કારણો શા છે?

----

**પંચમહાલ જિલ્લામાં કેમ્પા યોજના**

15/4/2150 *39 **શ્રી સી.કે.રાઉલજી (ગોધરા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કેમ્પા યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં વનીકરણની કામગીરી કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની કોલેજોમાં મંજૂર મહેકમ**

15/4/2574 *40 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી કોલેજો આવેલી છે,

(૨) ઉક્ત જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૩) તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

**પેટલાદ ખાતે ૧૦૦ બેડની હોસ્પિટલ**

15/4/2287 *41 **શ્રી કમલેશભાઈ રમેશભાઈ પટેલ (પેટલાદ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પેટલાદ ખાતે સર સયાજીરાવ હોસ્પિટલના જૂના અને જર્જરીત મકાનની જગ્યાએ નવીન ૧૦૦ બેડની હોસ્પિટલના બાંધકામ માટે સરકાર દ્વારા કોઈ આયોજન કરવામાં આવ્યું છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તે કામ કયા તબક્કે છે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

**સરકારી ફિઝીયોથેરાપી કોલેજોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

15/4/2602 *42 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી ફિઝીયોથેરાપી કોલેજોમાં સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ સીધી ભરતી, કરાર આધારીત અને ફિક્સ પગારથી ભરાયેલ છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## વર્લ્ડ બેંક પાસે આરોગ્ય સેવાઓ માટે લોનની માંગણી

15/4/2599 *43 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં આરોગ્ય સેવાઓ માટે વર્લ્ડ બેંક પાસે કેટલી લોનની માંગણી કરવામાં આવેલ,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી લોન ક્યારે મંજૂર થયેલ છે,

(૩) ઉક્ત લોન ઉપર કેટલા ટકા વ્યાજ ચૂકવવાનું ઠરાવવામાં આવેલ છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમ ક્યારે રાજ્ય સરકારને મળેલ છે?

----

## અમદાવાદ અને ખેડા શહેર/જિલ્લામાં નકલી ઘીનો જથ્થો

15/4/2590 *44 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ખેડા શહેર અને જિલ્લાવાર નકલી ઘીનો કેટલો જથ્થો કઈ ફેક્ટરી કે એજન્સી પાસેથી પકડી પાડવામાં આવ્યો,

(૨) ઉક્ત નકલી ઘીમાં અન્ય કયા પ્રકારનું ઘી કે અન્ય કઈ ચીજવસ્તુઓની ભેળસેળ કર્યાનું સામે આવેલ,

(૩) નકલી ઘીનું વેચાણ અને ઉત્પાદન કરતાં ઉક્ત કયા એકમના કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ નકલી ઘીનું ઉત્પાદન અને વેચાણ અટકે તે માટે શા પગલાં લેવામાં આવ્યા?

----

## જામજોધપુર અને લાલપુર ખાતે આવેલા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં જનરેટરની સુવિધા બાબત

15/4/2458 *45 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જામનગર જિલ્લાના જામજોધપુર અને લાલપુર ખાતે આવેલા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ડાયાલીસીસ સેન્ટર માટે જનરેટરની સુવિધા નથી, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં જનરેટર ઉપલબ્ધ કરાવવાનું શું આયોજન છે?

----

## નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત કેન્દ્ર સરકાર પાસે રકમની માંગણી

15/4/2596 *46 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર પાસે રાજ્ય સરકાર દ્વારા નેશનલ રૂરલ હેલ્થ મિશન અન્વયે કેટલી રકમની માંગણી કરવામાં આવી,

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત વર્ષવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી?

----

## છોટાઉદેપુર જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય યોજના અન્વયે રજીસ્ટર ખાનગી હોસ્પિટલો

15/4/2408 *47 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય યોજના હેઠળ તાલુકાવાર કઈ કઈ ખાનગી હોસ્પિટલો રજીસ્ટર થયેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલા બે વર્ષમાં ઉક્ત યોજના હેઠળ ઉક્ત જિલ્લાની કઈ કઈ હોસ્પિટલને કેટલી રકમ ચૂકવવામાં આવી છે ?

----

## અમરેલી જિલ્લામાં જર્જરિત આયુર્વેદિક દવાખાના

15/4/2331 *48 **શ્રી મહેશ કસવાલા (સાવરકુંડલા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કુલ કેટલા આયુર્વેદિક દવાખાના આવેલા છે,

(૨) તેમાંથી જર્જરિત સ્થિતિમાં કેટલા છે,

(૩) ઉક્ત વાખાનાઓના નવા બાંધકામ માટે સરકારનું શું આયોજન છે ?

----

## અમદાવાદ અને જામનગર શહેર/જિલ્લામાં નકલી ઘીનો જથ્થો પકડવા બાબત

15/4/2583 *49 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને જામનગર શહેર અને જિલ્લાવાર નકલી ઘીનો કેટલો જથ્થો કઈ ફેક્ટરી કે એજન્સી પાસેથી પકડી પાડવામાં આવ્યો,

(૨) ઉક્ત નકલી ઘીમાં અન્ય કયા પ્રકારનું ઘી કે ચીજવસ્તુઓની ભેળસેળ કર્યાનું સામે આવેલ,

(૩) નકલી ઘીનું વેચાણ અને ઉત્પાદન કરતાં ઉક્ત કયા એકમના કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ નકલી ઘીનું ઉત્પાદન અને વેચાણ અટકે તે માટે શા પગલાં લેવામાં આવ્યા?

----

## બાલારામ અભયારણ્યના ઈકો સેન્સેટીવ ઝોન વિસ્તાર માટે મોનીટરીંગ કમિટીની રચના

15/4/2569 *50 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભારત સરકારના તા.૦૯/૧૧/૨૦૨૧ના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન વિભાગના જાહેરનામા અન્‌વયે બાલારામ અભયારણ્યના ઈકો સેન્‌સેટીવ ઝોન વિસ્તારમાં પ્રવૃત્તિઓના નિયમન બાબતે મોનીટરીંગ કમિટીની રચના ક્યારે કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કમિટીના સભ્યો કોણ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કમિટીની બેઠકો ક્યારે મળી અને ઉક્ત બેઠકોમાં કયા મહત્વના નિર્ણય લેવામાં આવ્યા?

----

## ગુજરાત યુનિવર્સિટીમાં જાતીય સતામણી અને ખોટી નિમણૂંકની ફરીયાદ

15/4/2580 *51 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગુજરાત યુનિવર્સિટીમાં જાતીય સતામણી મામલે અને ખોટી નિમણૂંકની ફરીયાદના આધારે કેટલા પ્રોફેસરો સામે સરકારે શાં પગલાં લીધાં, અને

(૨) ઉક્ત ખોટી નિમણૂંક આપનાર કયા જવાબદારો સામે ઉક્ત સ્થિતિએ શું કાર્યવાહી કરી?

----

## સરકારી હોસ્પિટલોમાં ફીઝીયોથેરાપિસ્ટ વર્ગ-૩નું મંજૂર મહેકમ

15/4/2572 *52 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી હોસ્પિટલોમાં ફીઝીયોથેરાપિસ્ટ વર્ગ-૩નું કુલ મંજૂર મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકીની કુલ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કુલ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ભરવાનું રાજ્ય સરકારનું શું આયોજન છે?

----

## લેન્ડ ગ્રેબીંગ(પ્રોહિબીશન) એક્ટ ૨૦૨૦ હેઠળ અમદાવાદ જિલ્લામાં ખાસ કોર્ટ

15/4/2395 *53 **શ્રી ઈમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**કાયદો :-**

માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત લેન્ડ ગ્રેબીંગ(પ્રોહિબીશન) એક્ટ ૨૦૨૦ હેઠળ તેમજ પોક્સો હેઠળના કેસો ઝડપથી ચલાવવા અમદાવાદ જિલ્લા ખાતે ખાસ કોર્ટની સ્થાપના કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ ખાસ કોર્ટ ક્યારથી કાર્યરત કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાસ કોર્ટમાં છેલ્લા બે વર્ષમાં કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલા કેસો હાલમાં નિકાલ કરવાના બાકી છે?

----

## એમ.એસ. યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને સુવિધાઓ આપવા બાબત

15/4/2513 *54 **શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા (સયાજીગંજ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં કેટલી હોસ્ટેલમાં કુલ કેટલા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને રહેવાની વ્યવસ્થા છે, અને

(૨) નવીન હોસ્ટેલ માટે સરકારનું શું આયોજન છે?

----

## મહુવા નગરપાલિકા વિસ્તારમાં શહેરી આરોગ્ય કેન્દ્રો

15/4/2284 *55 **શ્રી શિવાભાઈ જેરામભાઈ ગોહિલ (મહુવા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૧૫-૦૧-૨૦૨૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં છેલ્લા એક વર્ષમાં મહુવા નગરપાલિકા વિસ્તારમાં કેટલા શહેરી આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ આરોગ્ય કેન્દ્રો પૈકી કેટલા આરોગ્ય કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા?

----

## વન વિભાગનું તા.૧૨/૦૬/૨૦૧૫નું જાહેરનામું રદ કરવા બાબત

15/4/2605 *56 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વન વિભાગનું તા.૧૨/૦૬/૨૦૧૫નું જાહેરનામું કે જેનાથી રાજ્ય સરકારની વન જમીન સંપત્તિમાં અને આવકમાં વધારો થતો હતો તેમ છતાં તે રદ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેનાથી સરકારને અને નાગરીકોને શો લાભ કે નુક્શાન થશે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ જાહેરનામું રદ થવાથી સરકારની આવકમાં વન જમીનમાં કેટલો ઘટાડો થવાનો અંદાજ છે?

----

## રાજ્યમાં ઈજનેરી કોલેજોની કુલ બેઠકો

15/4/2586 *57 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર ઈજનેરી કોલેજોમાં કુલ કેટલી બેઠકો છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર ઉક્ત કોલેજોમાં કુલ કેટલી બેઠકો ભરાયેલ અને કેટલી બેઠકો ખાલી રહી છે, અને

(૩) ઉક્ત બેઠકો ખાલી રહેવાના મુખ્ય કારણો શા છે?

----

## એમ એન્ડ જે ઈન્સ્ટિટ્યુટ ઓફ ઓપ્થાલ્મોલોજી, અમદાવાદનું વર્ગ-૧ અને વર્ગ-૨નું મંજૂર મહેકમ

15/4/2566 *58 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ એમ એન્ડ જે ઈન્સ્ટિટ્યુટ ઓફ ઓપ્થાલ્મોલોજી, અમદાવાદનું વર્ગ-૧ અને વર્ગ-૨નું મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત વર્ગ-૧ અને વર્ગ-૨ની મંજૂર થયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૩) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને

(૪) ઉક્ત જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

**તાલાલા તાલુકાના જશાપુર થી અમૃતવેલ ગામને જોડતો કાચા રસ્તાને પાકો રસ્તો બનાવવા બાબત**

15/4/2502 *59 **શ્રી ભગાભાઈ ધાનાભાઈ બારડ (તાલાલા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ વન વિભાગને તાલાલા તાલુકાના જશાપુર થી અમૃતવેલ ગામને જોડતો કાચા રસ્તાને પાકો રસ્તો બનાવવાની કોઈ દરખાસ્ત મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત દરખાસ્તને ક્યારે મંજૂરી આપેલ છે?

----

**બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબોનું મંજૂર મહેકમ**

15/4/2575 *60 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર આવેલ પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોવાર કેટલા મેડીકલ ઓફીસર, એમ.બી.બી.એસ. ડોક્ટરની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને

(૩) ઉક્ત જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

**વન્યપ્રાણીઓ તથા માનવ વચ્ચે ઘર્ષણના બનાવો અટકાવવા બનાવેલ મચાણમેડા**

15/4/2145 *61 **શ્રી મહેશ કસવાલા (સાવરકુંડલા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન્યપ્રાણીઓ તથા માનવ વચ્ચે ઘર્ષણના બનાવો અટકાવવા કેટલા મચાણમેડા બનાવવામાં આવ્યા, અને

(૨) ઉક્ત પેટે કેટલો ખર્ચ થયો?

----

## વન વિભાગનું તા.૧૨/૦૬/૨૦૧૫નું જાહેરનામું રદ કરવા બાબત

15/4/2581 *62 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વન વિભાગનું તા.૧૨/૦૬/૨૦૧૫નું જાહેરનામું કે જેનાથી રાજ્ય સરકારની વન જમીન સંપત્તિમાં અને નાણાકીય આવકમાં વધારો થતો હતો તેમ છતાં તે રદ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જાહેરનામું રદ કર્યા બાદ કઈ યુઝર એજન્સીઓની કેટલી દરખાસ્તોને મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત દરખાસ્તોને મંજૂરી આપવાથી કેટલી વન જમીન અને સરકારની આવકમાં ઘટાડો થયો છે?

----

## નળ સરોવરમાં પક્ષીઓના શિકાર બાબત

15/4/2396 *63 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નળસરોવરના વિસ્તારમાં પક્ષીઓના શિકારના કેટલા બનાવો વન વિભાગમાં નોંધાયા,

(૨) તે અન્વયે કેટલા ઈસમોને પકડવામાં આવ્યા,

(૩) પક્ષીઓના શિકારમાં સંડોવાયેલા કેટલા ઈસમોને પકડવાના બાકી છે,

(૪) ઉક્ત બાકી ઈસમોને પકડવા શા પગલા લેવામાં આવ્યા, અને

(૫) પક્ષીઓનો શિકાર અટકે તે માટે વન વિભાગ દ્વારા શાં પગલા લેવામાં આવ્યા?

----

## મહુવા તાલુકામાં પ્રધાનમંત્રી આયુષ્યમાન યોજના

15/4/2285 *64 **શ્રી શિવાભાઈ જેરામભાઈ ગોહિલ (મહુવા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં પ્રધાનમંત્રી આયુષ્યમાન યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને નવા કાર્ડ આપવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા લાભાર્થીઓએ આયુષ્યમાન કાર્ડ દ્વારા સારવાર લીધી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહુવા તાલુકામાં આયુષ્યમાન કાર્ડ દ્વારા થયેલ સારવાર અંતર્ગત સરકારે કેટલો ખર્ચ કરેલ છે?

----

## રાજ્યમાં ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમની કોલેજોમાં બેઠકો

15/4/2587 *65 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કુલ કેટલી બેઠકો છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર ઉક્ત કોલેજોમાં કુલ કેટલી બેઠકો ભરાયેલ અને કેટલી બેઠકો ખાલી રહી છે, અને

(૩) ઉક્ત બેઠકો ખાલી રહેવાના મુખ્ય કારણો શા છે?

----

## વેરાવળ, તાલાલા અને સુત્રાપાડા તાલુકામાં નવા આયુષ્યમાન આરોગ્ય મંદિર

15/4/2480 *66 **શ્રી ભગાભાઈ ધાનાભાઈ બારડ (તાલાલા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેરાવળ, તાલાલા અને સુત્રાપાડા તાલુકામાં કુલ કેટલા નવા આયુષ્યમાન આરોગ્ય મંદિર મંજૂર થયા છે,

(૨) ઉક્ત આયુષ્યમાન આરોગ્ય મંદિર કયા ગામ ખાતે મંજૂર થયેલ છે, અને

(૩) ઉક્ત મંજૂર થયેલ આયુષ્યમાન આરોગ્ય મંદિરનું કામ કયા તબક્કે છે?

----